

ગાંધીનગર સમાચાર

@ગાંધીનગર

- રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૦ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર સમય ૭.૩૦ કલાકનો રહેશે.
- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રવિવારના રોજ રાત્રે ૯.૪૫ કલાકે 'નો એકઝીટ' નાટકનો કાર્યક્રમ સે-૧૭, ટાઉનહોલ ખાતે યોજાશે.
- જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગર દ્વારા રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે સે-૨૨, પંચેદેવ મંદિરના યજ્ઞખંડમાં સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા યોજાશે.
- સે-૧૭, ટાઉનહોલ ખાતે સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન દિલ્હી નિષ્ણાંત ફેકલ્ટી ધર્મેન્દ્રકુમાર યુપીએસસી (અ.ઈ.એ.એ.સ.-આઈ.પી.એસ.) પરીક્ષાના સંદર્ભે ફ્રી સેમિનાર યોજશે.

અબ, ધૂમ્રપાન પડેગા મહેંગા...!

જાહેરમાં ધૂમ્રપાન કરતાં સ્મોકર્સને દંડ ફટકારવા એસ.પી.નો આદેશ : જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન માટે દંડની પાવતી બુક તૈયાર

ગાંધીનગર, તા.૧૮

'જમીન પર ગીરી સિગારેટ કી રાખ, સિગારેટ પીને વાલે સે બોલી.. આજે તેરી વજહ સે મેરા યે હાલ હુઆ હૈ.. કલ મેરી વજહ સે તેરા ભી યે હાલ હોગા..!' સ્મોકીંગથી થઈ રહેલી યુવા ધનની બરબાદીને ધ્યાને લઈને સરકારે ધુમ્રપાન જાહેરમાં ન કરવા કડક કાયદો બનાવી દંડ અને સજાની જોગવાઈ કર્યે ત્રણેક વર્ષ થયા પરંતુ ગાંધીનગરમાં હજુ પણ બિન્દાસ્ત જાહેરમાં ધુમ્રપાન થાય છે. નવાઈની વાત તો એ છે કે આજ દિન સુધી એક પણ વ્યકિતને દંડ પણ કરવામાં નથી આવ્યો...! પણ હવે જાહેરમાં ધુમ્રપાન ન થાય તે માટે જિલ્લા પોલીસ વડાએ કડક દંડનીય કાર્યવાહી કરતા થાણા અમલદારોને ખાસ સુચના આપી દંડની પાવતી બુકો તૈયાર કરાવી દીધી છે..! 'અબ, ધુમ્રપાન પડેગા મહેંગા...!'

સરકારે જયારથી જાહેરમાં ધુમ્રપાન પર દંડ કરવા કાયદો કડક બનાવ્યો ત્યારથી ગાંધીનગર જિલ્લામાં એક પણ વ્યકિતને દંડ થયો નથી..! જેને પગલે પબ્લીક પ્લેસ પર બેરોકટોક સ્મોકીંગ થઈ રહ્યું છે...! કહેવાય છે કે 'પેસીવ સ્મોકર્સ ઈઝ મોર ડેન્જરસ ધેન સીરીયલ સ્મોકર્સ.' એટલે જ જાહેરમાં ધુમ્રપાનથી જે વ્યકિત નિર્વ્યસની છે તેમના સ્વાસ્થ્ય પર પણ મોટું જોખમ ઉભુ થયું છે. ગાંધીનગર જિલ્લામાં હવે જાહેરમાં ધુમ્રપાન કરતા સ્મોકર્સને દંડ કરવા જિલ્લા પોલીસે કવાયત શરૂ કરી છે. જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવે તમામ પોલીસ સ્ટેશન માટે ધુમ્રપાન દંડની રશીદ બુક તૈયાર કરાવી દીધી છે. હવે પબ્લીક પ્લેસ પર ધુમ્રપાન કરતા સ્મોકર્સને રૂ. ૨૫૦ સુધીનો દંડ કરવા એસ.પી.એ તમામ થાણા ઈન્ચાર્જને કડક સુચના આપી દીધી છે. સોમવારથી પોલીસ દ્વારા કડક કાર્યવાહી શરૂ કરી દેવામાં આવશે.

ગાયત્રી મંદિર ખાતે મહિલાઓ માટે યોગ શિબિર

ગાંધીનગર, તા.૧૮

દિવ્ય જીવન સંઘ તથા ગાયત્રી પરિવાર દ્વારા તા. ૨૦ જૂનથી ૨ જુલાઈ સુધી મહિલાઓ માટે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૫.૧૫ થી ૬.૩૦ કલાક દરમિયાન ગાયત્રી મંદિર, સેકટર-૧ ખાતે યોજાનાર શિબિરનો મહિલાઓને લાભ લેવા શોભાબેન શાહે જણાવ્યું છે.

સમર્પણ બહેરાં-મૂંગા શાળામાં 'શાળા પ્રવેશોત્સવ'ની ઉજવણી

ગાંધીનગર, તા.૧૮

સરસ્વતી એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ મૂક-બધિર શાળામાં 'શાળા પ્રવેશોત્સવ'ની ઉવજણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સમાજ સુરક્ષા ખાતાના અધિકારી મનોજભાઈ બલાત તેમજ સંસ્થાના પ્રમુખ, સંચાલક તથા શિક્ષકગણ, કર્મચારીગણ વગેરે ઉસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સુમિત્રાબેન બારોટે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

સમાજ સુરક્ષા ખાતાના અધિકારી મનોજભાઈબલાતના હસ્તે બાળકોને શૈક્ષણિક કિટ જેમાં નોટબુકો, ચોપડા, પેન્સિલ, સ્કુલબેગ વગેરે આપવામાં આવ્યું હતું તેમજ તેઓએ બાળકોના ઉજજવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. સુમિત્રાબેન બારોટ દ્વારા બાળકોને ભોજન પીરસવામાં આવ્યું હતું.

આર.એન. પટેલ પ્રાથમિક શાળાની વાલી મિટીંગ યોજાઇ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સેકટર-૨૩માં કડી સર્વ વિદ્યાલય સંકુલ સંલગ્ન આર.એન. પટેલ પ્રાથમિક શાળાના ધોરણ-૩થી૮ના વિદ્યાર્થીઓના વાલીઓની એક મિટીંગ યોજવામાં આવી હતી. આ વાલી મિટીંગ માં સર્વ વિદ્યાલય સંકુલના કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતાં.

વાલી મિટીંગમાં શાળાના આચાર્ય દશરથભાઈ પટેલે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને કેન્દ્ર સ્થાને લેખાવી શાળાની શૈક્ષણિક વિશેષતા અંગે પ્રકાશ પાડયો હતો. શાળામાં અઠવાડિક પરીક્ષા દ્વારા નિબંધલક્ષી પ્રશ્નો તૈયાર કરવાના આયોજનથી સેમેસ્ટર સીસ્ટમની ખામી દૂર કરવાથી માંડીને બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓને ખિલવવા સહ અભ્યાસિક પ્રવૃત્તિ અંગે વાલીઓને માહિતગાર કર્યા હતા. કેમ્પસમાં કાર્યરત લલિત કલા અકાદમીનો લાભ લેવા પ્રેરણા પૂરી પાડતા આચાર્યએ સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના તેમજ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ ધરાવતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિથી લાભાન્વિત થવાની પ્રક્રિયા પણ સમજાવી હતી. આ સાથે તેમણે નબળા વિદ્યાર્થીઓ પર વધુ ધ્યાન આપવા સાથે ધોરણ-૩ અને ૪ના બાળકોને નિઃશુલ્ક કોમ્પ્યુટર શિક્ષણની વ્યવસ્થા, ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા તહેવારોની ઉજવણી, રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી, સાંસ્કૃતિક કાર્યક્રમો માટે સંસ્થાની વિશેષ કાળજી ઉપરાંત સહઅભ્યાસિક પ્રવૃત્તિમાં બેંક, પોસ્ટઓફિસ, પોલીસ સ્ટેશન, ફાયર બ્રિગેડ, વિધાનસભા, ડેરી, બાયસેગ, ઈફકો, સાયન્સ સીટી વગેરેની મુલાકાત જેવા કાર્યક્રમોની પણ માહિતી આપી હતી. વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે હેતુથી બાળ ઉર્જા રેલી, ઓઝોન ડે, વિજ્ઞાન-ગણિત દિવસની ઉજવણીનું આયોજન વગેરે ઉપરાંત ખેલમહાકુંભમાં ઓનલાઈન ફોર્મ ભરાવવાથી માંડીને ભાગ લેવા પ્રેરિત કરાય છે. આ પ્રસંગે તેમણે વાલીઓને તેમના બાળકોને પૌષ્ટિક નાસ્તા સાથે મોકલવા સંકલ્પ લેવડાવ્યો હતો અને લેસન ડાયરીને નિયમિત મેઈન્ટેઈન કરવા આગ્રહ કર્યો હતો.

કાર્યક્રમના મુખ્ય મહેમાન પીઢ કેળવણીકાર ડૉ. સોમભાઈ પટેલે સંસ્થાના ઉદગમથી માંડીને વર્તમાન સુધીની તવારીખનો તાદૃશ્ય ચિતાર રજૂ કરતા પ્રેરક પ્રસંગો રજૂ કર્યા હતા. તેમણે સંસ્થા શિક્ષણ ક્ષેત્રે સામાજિક સેવા ભાવનાના પાયા પર ઉભી હોવાથી ગતિ મળી રહી હોવાનું જણાવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે શિક્ષિકા અનિલાબેન માંકડે મંગલ શ્લોક-સ્તુતિ રજૂ કર્યા હતા અને બાળકોએ સુંદર પ્રાર્થના ગીત સાથે નૃત્ય રજૂ કર્યું હતું. સુપરવાઈઝર અશોકભાઈ પટેલે વાલીગણનું આભારદર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શિક્ષક કેતનભાઈ પટેલે કર્યું હતું.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત સેકટર-૨૩ની સરકારી પ્રાથમિક શાળામાં શાળા-પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વોર્ડ નં. ૪ના મહિલા કોર્પોરેટર નિલાબેન શુકલ સહિત મ્યુનિસિપલ કમિશનર ડી.એન. મોદી, હેલ્થ ઓફીસર ડો. દિનેશ બરોટ, સેકટરના સામાજિક કાર્યકર પંકજ શુકલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળા સંકુલમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરાયો હતો અને કોર્પોરેટર નિલાબેન શુકલએ વૃક્ષો વાવી પર્યાવરણના જતનનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમના સફળ આયોજન માટે શાળાના આચાર્યા હંસાબેન મોદીએ ભારે જહેમત ઉઠાવી હતી.

વાવોલ-પુન્દ્રાસણ માર્ગ પર જઈને એક યુવાને પરોઢીયે દવા ગટગટાવી

રસ્તાની સાઈડમાં તરફડીયા મારી રહેલા યુવાન પર રાહદારીની નજર પડતા તેણે એમ્બ્યુલન્સ બોલાવી : આપઘાતનો પ્રયાસ કરનાર યુવાન હજુ અર્ધબેભાન હાલતમાં

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીક આવેલા વાવોલ-પુન્દ્રાસણ માર્ગ પરથી એક રાહદારી વહેલી પરોઢીયે પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન રસ્તાની સાઈડમાં તરફડીયા મારી રહલા એક યુવાન પર તેમની નજર પડી હતી. તે યુવાને કોઈ કારણસર ઝેરી દવા ગટગટાવી લીધેલી હતી. તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને રાહદારીએ માનવતા રાખી ડચકા ખાઈ રહેલા યુવાનને હોસ્પિટલ મોકલ્યો હતો. હાલ તે અર્ધબેભાન હાલતમાં છે. પાટણના સિધ્ધપુર નજીકના આ યુવાને આપઘાતનો પ્રયાસ કેમ કર્યો તે હજુ પેથાપુર પોલીસ તપાસ ચલાવી રહી છે.

મળતી માહિતી મુજબ પાટણ જિલ્લાના સિધ્ધપુર નજીકના એક ગામના રહેવાસી ૨૫ વર્ષીય યુવાન ભરતભાઈ ધુળાભાઈ બજાણીયાએ આજે વહેલી પરોઢીયે સાડા પાંચ વાગ્યાના અરસામાં વાવોલ-પુન્દ્રાસણ રોડ પર વિદ્યુતનગર ટાઉનશીપની ઓફીસ સામે ઝેરી દવા પી લીધી હતી. આ માર્ગ પરથી દિકરીને મુકવા જઈ રહેલા એક રાહદારીનું ધ્યાન રસ્તાની સાઈડમાં તરફડીયા મારી રહેલા યુવાન ભરત બજાણીયા પર પડતા તેની પાસે ઉભા રહી ગયા હતા. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને કોલ કરીને જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા આ યુવાનને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સ્થળ પર ભરત બજાણીયાનું બાઈક પણ પડયું હતું. તે આ માર્ગ પર કેમ આવ્યો હતો અને આપઘાતનો પ્રયાસ કેમ કર્યો તે બાબત અંગે હજુ પોલીસ નિવેદન લઈ શકી નથી કેમ કે હજુ તે હોસ્પિટલમાં અર્ધબેભાન હાલતમાં જ છે. પેથાપુર પોલીસે જાણવા જોગ નોંધી વાલીને બોલવી ડાઈંગ ડીકલેરેશન લેવા મામલતદારને જાણ કરી આપઘાતના પ્રયાસનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

પ્રેસ સર્કલ નજીક હોન્ડા સીટી સળગી

ચાર કારસવારોનો આબાદ બચાવ : ચાર મિત્રો વિસનગરથી અમદાવાદ જઈ રહ્યા હતા : ફાયરબ્રિગેડે આગ કાબુમાં લીધી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના ઘ-૭ પ્રેસ સર્કલ નજીક ગઈ મોડી સાંજે એક હોન્ડા સીટી ગાડી અચાનક સળગી ઉઠી હતી. વિસનગરથી અમદાવાદ તરફ ચાર મિત્રો જઈ રહ્યા હતા ત્યારે ચાલુ ગાડીએ અચાનક ગાડીમાં આગ ભભુકી ઉઠી હતી. સમયસુચકતા દાખવી ચારેય મિત્રો ગાડી ઉભી રાખીને બહાર નીકળી જતા તેમનો આબાદ બચાવ થવા પામ્યો હતો. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવી લીધો હતો. સદભાગ્યે કોઈને ઈજા થવા પામી ન હતી.

મળતી માહિતી મુજબ વિસનગરથી મહેશકુમાર મોદી તથા અન્ય ત્રણ મિત્રો મળીને હોન્ડા સીટી ગાડી નં. જીજે ૨ એસી ૭૭૭૨માં અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. ગઈ મોડી સાંજે તેમની ગાડી ગાંધીનગર ઘ-૭ પ્રેસ સર્કલ નજીક ફાટક પાસે પહોંચી ત્યાં અચાનક તેમની ગાડીમાંથી ધુમાડા સાથે આગ લાગી હતી. તાત્કાલીક ગાડી સાઈડમાં પાર્ક કરી દઈ ચારેય મિત્રો ગાડીની બહાર નીકળી ગયા હતા. ગાડીમાં આગ લાગ્યાની ઘટના અંગે ફાયરબ્રિગેડને જાણ થતા ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને આગ પર પાણીનો મારો ચલાવીને આગ કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે આ ઘટનામાં પણ કોઈને ઈજા કે જાનહાની થવા પામી નથી. ગાડીનો બોનેટ બાજુનો ભાગ સળગી જતા તેટલું નુકશાન થવા પામ્યું હતું.

વાતવાતમાં

- ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં રાધે ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ ખાતે એપોલો ફાર્મસી દ્વારા રવિવારે સવારે ૯ થી રાતના ૯ વાગ્યા સુધી નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ ચેકઅપ કેમ્પમાં દર્દીઓને બીએમઆઈ, બીપી તથા બ્લડ સુગર વગેરેની વિના મૂલ્યે તપાસ કરી આપવામાં આવશે.
- સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાય સમયથી બંધ સીટી સ્કેન મશીન હજુ પણ ચાલુ થયું નથી. આ મશીન બંધ હોવાના કારણે દર્દીઓને સીટી સ્કેન રિપોર્ટ માટે છેક અમદાવાદ સુધી લાંબા થવું પડે છે.
- શહેરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી સતત બફારા ભર્યા વાદળ અને તડકા મિશ્રિત વાતાવરણમાં આઉટડોર કામ કરતા નગરજનોમાં સતત પરસેવાના કારણે અળઈ સહિતની ચામડી સંબધી બિમારીઓનું પ્રમાણ વધ્યું છે. આ ઉપરાંત વાદળ છાયા વાતાવરણમાં મહિલામાં ઉન્માદ સહિત અમુક પ્રકારની માનસિક બિમારીઓ ધરાવતા દર્દીઓમાં રોગની તિવ્રતામાં વધારો થયેલો જોવા મળે છે.
- શહેરના ઘ-૪ સર્કલ નજીક એક કારની સાઈડ ગ્લાસ ગ્લાસની ટકકરે સ્કૂટર લઈ પસાર થઈ રહેલ આધેડ વ્યકિત આવી જવા પામી હતી. સદભાગ્યે સ્કૂટર ચાલકને શરીરે છોલાઈ જવા જેવી સામાન્ય ઈજાઓ જ થવા પામી હતી. પરંતુ કારચાલકે ઉભા રહી તેને દવાખાને લઈ જવા સુધીનું સૌજન્ય દાખવવાને બદલે પૂર ઝડપે કાર હંકારી મુકી હતી.

સે-૨૩, અરવિંદ કેન્દ્ર ખાતે વ્યાખ્યાન માળા યોજાશે

ગાંધીનગર, તા.૧૮

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ અને અરવિંદ કેન્દ્રના સંયુકત ઉપક્રમે આગામી તા. ૨૦મી જૂનના રોજ સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન અરવિંદ કેન્દ્ર, સે-૨૩ ખાતે વ્યાખ્યાન માળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં યોગ સપ્તાહ અંતર્ગત નિરોગી અને સંપૂર્ણ સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલીની માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી આપવામાં આવશે તથા યોગ અને ઋષિ પ્રણાલિરૂપ કુદરતી ઉપચાર પધ્ધતિથી સ્વાસ્થ્ય જાળવણી માટે ડૉ. ધર્મેશભાઈ પટેલ અને નેચરોપેથી યોગના વર્ષાબેન દવે દ્વારા વ્યાખ્યાન માળા યોજાશે. આ કાર્યક્રમમાં નગરના તમામ નગરજનોને ભાગ લેવા જણાવાયું છે.

શાળા પ્રવેશોત્સવ દરમિયાન વિદ્યાર્થીઓને પુસ્તકોની ભેટ

સે-૨૩ આર.જી.કન્યા વિદ્યાલય, જય પ્રકાશ વિદ્યાલય અને મહર્ષિ અત્રિ સ્કુલમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરાયા

ગાંધીનગર, તા.૧૮

નગરની શાળાઓમાં પ્રવેશોત્સવ અંતર્ગત શાળાનું પ્રથમવાર પગથિયું ચઢતા ભૂલકાઓને મોં મીઠું કરી પુસ્તકો આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. સે-૨૩ સ્થિત આર.જી. પટેલ કન્યા શાળામાં આ તબક્કે વિદ્યાર્થીનીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરવામાં આવી હતી. જયારે સે-૨૬ સ્થિત જયપ્રકાશ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને પર્યાવરણના જતન માટે સમજ આપવામાં આવી હતી.

- આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળાનો ધોરણઃ૯નો પ્રવેશોત્સવ-ગુણોત્સવનો કાર્યક્રમ ખિમજી વિસરામ હોલ ખાતે આયોજીત કરવામાં આવ્યો હતો. સૌ પ્રથમ પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા હતા. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓએ દેશ ભકિત ગીતો, ડાન્સ અને યોગ નિદર્શન પ્રસ્તુત કર્યા હતા તેમજ વિદ્યાર્થીનીઓએ રાજયકક્ષાએ મેળવેલ પ્રમાણપત્ર મહેમાનોના હસ્તે આપી વિદ્યાર્થીનીઓને સન્માનવામાં આવ્યા હતા. આ પ્રવેશોત્સવ કાર્યક્રમમાં કમિશનર ડી.એન. મોદી, આરોગ્ય વિભાગમાંથી ડી.એન. બારોટ, સી.આર. સીના વિપુલભાઈ, કેમ્પસ ડાયરેકટર સોમભાઈ તેમજ શાળાના આચાર્યા સુધાબેને હાજર રહી વિદ્યાર્થીનીઓને આર્શીવચન પાઠવ્યા હતા.
- ગુજરાત રાજય સરકારશ્રીના ૧૦૦ ટકા નામાંકન અભિયાનના ભાગરૂપે જયપ્રકાશ વિદ્યાલયમાં ધોરણ-૧ તથા ધોરણ-૯ના નવા પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓને પ્રવેશોત્સવ દ્વારા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. જેમાં ડૉ.ડી.એન. બારોટે વિદ્યાર્થીઓને મોં મીઠું કરાવીને પુસ્તકો આપી વિદ્યાર્થીઓને આવકાર્યા તથા જીવનમાં શિક્ષણની ઉપયોગીતા વિષે પ્રભાવી ઉદાહરણો આપી ઉત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ભિખાજી ચાવડા તથા ઈંટીરીયર ડીઝાઈનરનો વ્યવસાય કરતા સંજીવ યાદવનું શાળાના પ્રમુખ દક્ષાબેન સુથારે શાલ આપી સન્માન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાની વિદ્યાર્થીનીઓ કુ.જયોતિ રબારી તથા કુ. વિપુલ ચૌધરીએ ખુબ જ સુંદર અભિવ્યકિત સાથે કર્યું હતું. કુ. સોનલ રબારીએ વૃક્ષોના જતન અંગે ખુબ જ મનનીય વિચારો વ્યકત કર્યા હતા. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ પર્યાવરણની સાચવણી અંગે ખુબ જ સંનિષ્ઠ પ્રયત્નો કરવાના શપથ લીધા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં સી.આર.સી. કો ઓર્ડીનેટર વિપુલભાઈ બારોટે માર્ગદર્શન પુરું પાડયું હતું. સચિનભાઈ તથા સુનિલભાઈ ગોસ્વામીએ કાર્યક્રમ માટે ઉત્તમ સેવાઓ આપી હતી.
- મહર્ષિ અત્રિ વિદ્યાલય ખાતે 'શાળા પ્રવેશોત્સવ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. તેમાં સૌ પ્રથમ શાળાના શિક્ષકો દ્વારા પ્રવેશોત્સવનું મહત્વ તથા નવા પ્રવેશેલા બાળકોને તિલક કરી તેમનું સ્વાગત કરવામાં આવ્યું તથા શાળાના ભૂલકાઓ દ્વારા વિવિધ બાળ અભિનય ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. આવી રીતે સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા બાળકના પ્રવેશને ઉત્સવમાં ફેરવી તેમનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો.

શહેર વસાહત મહામંડળ દ્વારા વિશ્વ યોગ દિવસમાં સહભાગી થવા નગરજનોને રજૂઆત

જિલ્લા કલેકટરશ્રી અને વહીવટી તંત્ર દ્વારા આગામી તા. ૨૧મી જૂનના રોજ સવારે ૭.૦૦ થી ૭.૪૫ કલાક દરમિયાન ઘ-૪ સેન્ટ્રલ વિસ્ટા, સરદાર પટેલની પ્રતિમા પાસે યોગના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોગ કાર્યક્રમમાં તમામ નાગરિકો અને વિદ્યાર્થીઓને જોડાવવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે મહાનગરપાલિકા દ્વારા પણ પ્રત્યેક સેકટરોમાં આયોજિત કાર્યક્રમોમાં વસાહત મંડળો અને નાગરિકોને ભાગ લેવા મહામંડળના પ્રમુખ અરુણભાઈ બુચ, મયુર વ્યાસ, સુનિલ શાહ, સીતારામ પટેલ, સુધીર દેસાઈ, કિશોર જીકાદરા, ચંદુજી ઠાકોર, ભરત દીક્ષીત, શશીકાંત મોઢા, કશ્યપ મહેતા સહિતના સભ્યો દ્વારા જણાવાયું છે.

આજે જીવ કલ્યાણ સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા યોજાશે

સર્વ જીવ કલ્યાણ હેતુસર કાર્યવત જીવ કલ્યાણ સંસ્થા દ્વારા તા. ૧૯મી જૂનને રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે સેકટર-૨૨ સ્થિત પંચેદેવ મંદિરના યજ્ઞખંડમાં સંસ્થાની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભામાં સંસ્થાના પ્રમુખ કે.બી. વ્યાસના અધ્યક્ષસ્થાને વાર્ષિક હિસાબો, સભ્યોનું ગ્રૂપ આયોજન, સંસ્થાની પ્રવૃત્તિઓ અને બે વર્ષ નવી ટર્મ માટે કાર્યવાહક સમિતિના સભ્યોની વરણી કરવામાં આવશે. તથા નવા સભ્યોની નોંધણી પણ કરાશે. સંસ્થાના સર્વે સભ્યો અને રસ ધરાવતા નગરના નાગરિકોને મંત્રી અરવિંદભાઈ કુનાડાએ હાજર રહેવા અનુરોધ કર્યો છે.

ચિરવિદાય

- સ્વ. વનીતાબેન પરસોત્તમભાઈ ઠક્કર, ઉ.વ. ૭૫
- સ્વ. ચેતક મહેન્દ્રભાઈ ચૌહાણ, ઉ.વ. ૩૫